## ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા મહિલા ખેડુતો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો

ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી અને બાયો-એનર્જી કોલેજ દ્વારા તા. ૦૩-૦૭-૨૦૧૭ થી ૦૫-૦૭-૨૦૧૭ સુધી **ફૂડ પ્રોસેસીંગ ટેકનોલોજી** વિષય પર તાલીમ કાર્યક્રમ આયોજીત કરેલ. આ તાલીમ કાર્યક્રમમાં ૩૫ મહિલા ખેડુતઓ ભાગ લીધેલ. કાર્યક્રમની શરૂઆતમાં ડો. ડી. સી. જોષી, આચાર્યશ્રીએ તાલીમાર્થીઓને આવકારી આવી તાલીમ યોજવા પાછળનો હેતુ, મહત્વ અને એગ્રો-પ્રોસેસીંગ ક્ષેત્રે વિક સાવેલ તાંત્રિકતાઓ સમજાવી.

આ તાલીમમાં ઘઉનાં જવારાનો રસ, બેકરી બનાવટો, દુધમાંથી પનીર અને મગફળીનું દુધ બનાવવાની રીતનું નિદર્શન તાલીમાર્થીઓને બતાવેલ. આ ઉપરાંત શાકભાજી પાકો, ધાન્ય પાકો, બિન-પરંપરાગત ઉર્જાનો ફૂડ પ્રોસેસીંગમાં ઉપયોગ જેવા વિષયો પર વિષય-નિષ્ણાતો દ્વારા પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશનથી પ્રોસેસીંગ અને મુલ્ય વર્ધનની સમજ આપી

તાલીમાર્થીઓને કોલેજનાં વિભાગોની લેબોરેટરીમાં આવેલ ફૂડ પ્રોસેસીંગ મશીનરી, ફૂડ બીઝનેસ ઇન્ક્યુબેશન સેન્ટર, બાયો-એનર્જી પાર્ક, પ્રોટો-ટાઇપ લેબ., અમૂલ ડેરીની મુલાકાત લીધેલ સમગ્ર તાલીમ કાર્યક્રમનું આયોજન તાલીમ-સંયોજક, ડૉ.એસ.એસ.કાપડી અને તાલીમ સહ-સંયોજક કે. વી. વાળા દ્વારા આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ.








SHEETAL








EXPERIENTIAL LEARNING UNITS